જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૫/૨૦૧૮ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૨૬/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૮૦ લીટર દેશી દારૂ, ૧૯૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૧૭ ક્વૉટર, ૦૧ કાર, ૦૧ સ્કુટર અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૩૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૨૭/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૦૨૮/૧૮

**શાહીબાગ : (૧)** સાગરભાઇ S/O જોતીરામ પાટીલ (ઉ.વ.૩૫)(રહે, ઇન્ફન્ટ્રી ડ્યુ, હનુમાન આર્મી કેમ્પ, શાહિબાગ) એ તા.૩૦/૫/૧૮ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૫/૨૦૧૮ રાતના ૮/૦૦ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન શાહીબાગ અષ્ટમંગલ કોમ્પ્લેક્ષમાં આવેલ એક ડી.એફ.સી. બેંકના એ.ટી.એમ.મશીનમાં બે અજાણ્યા ઇસમો એ સાગરભાઇ પાસેથી તેમનું એ.ટી.એમ બદલી બંને ઇસમો નકલી કાર્ડ સાગરભાઇ ને પરત આપી, તે કાર્ડ દ્વારા પ્રથમ વાર રૂપીયા ૩૮,૦૦૦/- ત્યારબાદ રૂપીયા ૨૦,૦૦૦/- અને ત્રીજી વાર રૂપીયા ૧,૫૦૦/- મળી કુલ રૂપિયા ૫૯,૯૦૦/- ઉપાડી લઈ છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.ઝાલા ચલાવે છે.

**શાહીબાગ : (૨)** જ્યોત્સનાબેન ભરતભાઇ પટણી (રહે,શાંતીપુરા મનુભાઇ ની ચાલી જુની ચાલી બળીયા લીમડી શાહીબાગ) એ તા.૩૦/૫/૧૮ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૪/૨૦૧૮ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે શાહીબાગ સિવિલ રોડ અસારવા બ્રીજ ના છેડે અભિષેક કોમ્પલેક્ષ ૧ મા આવેલ દુકાન નંબર- ૪૦૫ અમિતભાઇ ઉર્ફે કમલેશ હરભજનસિંહ શાહની તથા કમલેશકુમારની અસારવા ખાતે આવેલ ફાઇનાન્સની ઓફિસ ખાતે સત્યસાંઈ ફાઈનાન્સિયલ સર્વિસીસના નામથી રૂપિયા ૫૦,૦૦૦/- ની લોન આપવાની લાલચ આપી, દરેક સાહેદ પાસેથી રૂપીયા ૧૯૫૦/- ભરાવી, જ્યોત્સનાબહેન તથા બીજા સાહેદો મળી ફૂલ ૪૮ મહિલા સભ્યોને લોન નહી આપી કુલ રૂપિયા ૯૫,૫૫૦/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.ઝાલા ચલાવે છે.

**નરોડા** : વિજયભાઇ ભોગીલાલ અંબાણી (રહે,વિમલ જ્યોતીનગર સોસાયટી, લાયન્સ ક્લબ સ્કુલની સામે, જી.આઇ.ડી.સી. નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આજથી આશરે આઠેક માસ અગાઉ થી તા.૧૩/૦૪/૧૮ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે આરોપી રાહુલ કેશવલાલ ચંદ્રેકર (રહે,આગમન રેસીડન્સી, નરોડા કેનાલ પાસે, સ્મશાન સામે, નરોડા) એ પોતે પોતાની ન્યુ ઇંડિયા ઇંસ્યુરન્સ એજંટ તરીકે ખોટી ઓળખ આપી, વિજયભાઇ ની મેડિકલ પોલિસીના નાણા તથા અન્ય પોલિસીના નાણા રોકડ તથા ચેકથી મળી કુલ રૂપિયા ૫૮,૫૦૦/- મેળવી લઇ, પ્રિમિયમ પેટે ભરવાની રકમ નહી ભરી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ. શ્રી કેશાજી ભુરાજી ચલાવે છે.

**<u>નજર ચુકવી ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૨૯/૧૮</u>**

**સોલા હાઇકોર્ટ** : દિપીકાબહેન પરેશભાઇ ચોક્સી (રહે,પારેખ શેરી વોહરવાડના નાકે , વઢવાણ સુરેંદ્રનગર) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૫/૧૮ ના કલાક ૧૧/૦૦ થી ૧૧/૧૫ વાગ્યા દરમ્યાન ભાગવત ચાર રસ્તાથી શાયોના ચાર રસ્તા સુધીની ઓટોરીક્ષા ની મુસાફરી દરમ્યાન અજાણ્યો રીક્ષા ચાલક તથા રીક્ષામાં બેસેલ ત્રણ અજાણ્યા ઇસમો એ ભેગામળી દિપીકાબહેન ની નજર ચુકવી બેગમાં મુકેલ પ્લાસ્ટીકના બોક્ષમાંથી સોના-ચાંદીના દાગીના કુલ કિંમત રૂપિયા ૧,૨૧,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે.આ ગુનાની તપાસ હે.કો.શ્રી કરણસિંહ રામસિંહ ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૩૦/૧૮</u>**

**ઓઢવ** : વિશાલ પ્રકાશભાઇ મરાઠી (ઉ.વ.૨૧)(રહે, વૃંદાવનપાર્ક સોસાયટી આદિનાથનગર ઓઢવ) તા.૩૦/૫/૧૮ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે અગમ્ય કારણસર પોતાના ઘરે પોતાની જાતે ઝેરી દવા પી લેતા, સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ લાવતા ફરજ પરના ડોક્ટર શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જીતેન્દ્રકુમાર આત્મારામ ચલાવે છે.

**અમરાઇવાડી** : નીશા ડો/ઓ શ્યામબહાદુર થાપા (ઉ.વ.૧૭)(રહે,રાવનો વંડો, પોસ્ટ ઓફીસ સામે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૩૦/૫/૧૮ ના કલાક ૧૦/૩૦ થી ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.પરમાર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.